પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૮ | ૧ માર્ચ, ૨૦૨૦, રવિવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઉત્તર-પૂર્વીય દિલ્હીમાં સ્થિતિમાં સુધારો

**તપાસનો દોર વધુ તીવ્ર : મોતનો આંકડો ૪૨ ઉપર પહોંચ્યો : લાપત્તા લોકોની શોધખોળ : સ્થિતિ હળવી થતા જીવન જરૂરી ચીજવસ્તુઓની ખરીદી થઇ : ઉશ્કેરણીજનક ભાષણો સંદર્ભે રિપોર્ટ કરવા હેલ્પલાઈન નંબર : સાતમી સુધી શાળાઓ બંધ**



નવી દિલ્હી, તા.૨૯

ઉત્તર-પૂર્વીય દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસથી જારી હિંસા ઉપર હવે બ્રેક મુકાઈ છે. જનજીવન ફરી ધીમે ધીમે સામાન્ય બની રહ્યું છે. જોકે દુકાનો અને વેપારી પેઢીઓ હજુ પણ બંધ સ્થિતિમાં છે. ચારેબાજુ સુરક્ષા જવાનો નજરે પડી રહ્યા છે. બીજી બાજુ નાગરિક સુધારા કાનૂનના સમર્થન અને વિરોધમાં દેખાવો દરમિયાન ભડકેલી કોમી હિંસામાં મોતનો આંકડો ૪૨ ઉપર પહોંચી ગયો છે. ધરપકડનો દોર જોરદાર રીતે જારી રહ્યો છે. કોમ્બીંગ અને પેટ્રોલિંગની પ્રક્રિયા તીવ્ર બનાવવામાં આવી છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં નવેસરનો ઘટનાક્રમ જોવા મળી રહ્યો છે. કેટલીક દુકાનો આજે ખુલી જતા ગ્રાહકો જીવન જરૂરી ચીજવસ્તુઓ, ફળફળાદી અને અન્ય ચીજોની ખરીદી કરતા નજરે પડ્યા હતા.

દિલ્હી સરકારે ઉશ્કેરણીજનક ભાણષોના સંદર્ભમાં રિપોર્ટ કરવા હેલ્પલાઈન નંબરની શરૂઆત કરી છે. સાથે સાથે હિંસામાં તેમના આવાસ ગુમાવી દેનાર લોકોને રોકડ રકમ આપવાની પણ ખાતરી આપી છે. ઉત્તર-પૂર્વીય દિલ્હીમાં સ્કુલો સાતમી માર્ચ સુધી બંધ રહેશે. સંબંધિત અધિકારીઓના કહેવા

● અનુસંધાન પાન-૭ પર

## તાહિર હુસેનની શોધખોળ જારી : આવાસ પર તપાસ

**એફએસએલ દ્વારા જુદ જુદા નમૂના લેવાયા : તાહિરને ઝડપી પાડવા જુદાજુદા વિસ્તારોમાં ઉંડી તપાસનો દોર : ક્રાઈમ બ્રાંચની ટીમ સક્રિય : નાળામાં પણ શોધખોળ**





નવી દિલ્હી, તા.૨૯

નહેરૂ વિહારના કોર્પોરેટર તાહિર હુસેનની ઈમારતમાં ક્રાઈમ બ્રાંચની ખાસ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી ચુકી છે. અધિકારીઓએ ઈમારતની ઉપરથી લઈને નીચે સુધ નિરીક્ષણ કર્યું હતું. ફોરેન્સીક સાયન્સ લેબ (એફએસએલ)ની ટીમ દ્વારા પણ ઈમારતના દરેક માળથી સેમ્પલ લઈ લીધા છે. આઈબીના અંકિત શર્માના પિતાએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેમના પુત્રને તાહિરની ઈમારતમાં ખેંચી લેવાયો હતો અને હત્યા પણ એજ ઈમારતમાં કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી ચુક્યો છે. જેથી એસઆઈટીની ટીમે આ ઈમારતથી પુરાવા એકત્રિત કરવાની શરૂઆત કરી દીધી છે. અધિકારીઓના કહેવા મુજબ જો નજીકમાં હત્યા થઈ હશે તો અંકિતના ખુનના સેમ્પલો ચોક્કસપણે મળશે. કેટલાક અધિકારીઓએ એ વિસ્તારમાં પણ ચકાસણી શરૂ કરી છે જ્યાંથી અંકિતનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસની ટીમ પણ તપાસમાં લાગેલી છે. જોકે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. ડીસીપીના કહેવા મુજબ ઉંડી ચકાસણીનો દોર ચાલી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## રામમંદિરનું કામ રામનવમીથી શરૂ થઈ શકે

**હાલમાં મંદિર નિર્માણ અંગે હોમવર્ક : ચંપતરાય : રામ જન્મભૂમિ મંદિરની નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા અયોધ્યા પહોંચ્યા**

અયોધ્યા, તા.૨૯

રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમિતિના ચેરમેન નૃપેન્દ્ર મિશ્રાએ અયોધ્યા પહોંચી ગયા બાદ મંદિર નિર્માણને લઈને રાજકીય ગરમી વધુ તીવ્ર બની ગઈ છે. આજે શનિવારના દિવસે સભ્યોની સાથે મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષે બે કલાક સુધી મંદિર સંકુલમાં રહીને દરેક પાસાઓ ઉપર વાતચીત કરી હતી. ટ્રસ્ટના મહામંત્રી ચંપતરાયે કહ્યું હતું કે હાલમાં મંદિર નિર્માણ માટે ચરણ નક્કી કરવામાં આવી રહ્યા છે. હોમવર્કની પ્રક્રિયા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે રામનવમીમાં ૧૫થી ૨૦ લાખ લોકો આવે છે. આ તમામ લોકો ભગવાનના દર્શન કરીને પોતાના ઘરે પરત ફરે તે પ્રાથમિક હેતુ રાખવામાં આવ્યો છે. મહામંત્રી ચંપતરાયે કહ્યું છે કે મૌલિક કામ શરૂ કરતા પહેલા એક એક પગલા અને કયા કામ કરવા પડશે તે બાબત નક્કી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## મહિલા વર્લ્ડ કપમાં શ્રીલંકા પર ભારતની ૭ વિકેટે જીત

**ભારતે સતત ચોથી ટ્વેન્ટી મેચ જીતી : ટુર્નામેન્ટમાં વિજય અભિયાન જારી રાખીને ભારતીય ટીમ ગ્રુપ-એમાં પ્રથમ સ્થાન ઉપર : રાધા-શેફાલી છવાઈ ગઈ**

મેલબોર્ન, તા. ૨૯

સ્પિનર રાધા યાદવની કેરિયરની શાનદાર બોલીંગ અને ઓપનિંગ બેટ્સમેન શેફાલી વર્માની જોરદાર બેટીંગના પરિણામ સ્વરૂપે ભારતે આજે આઈસીસી ટી-૨૦ મહિલા વર્લ્ડકપની મેચમાં શ્રીલંકા પર સાત વિકેટે જીત મેળવી હતી. ૩૨ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે ભારતે આ મેચ જીતી લીધી હત. આ જીતની સાથે જ ભારતીય ટીમ ટુર્નામેન્ટમાં જીતના સીલસીલાને જાળવી રાખવામાં સફળ રહી છે અને તે હવે ગ્રુપ-એમાં ટોપ ઉપર પહોંચી ગઈ છે. રાધાએ કેરિયરની શ્રેષ્ટ બોલીંગ કરતા ૨૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. આનાથી ભારતે શ્રીલંકા ઉપર જીત મેળવી હતી. આજની મેચની મુખ્ય વિશેષતા રાધા યાદવની શ્રેષ્ઠ બોલીંગ રહી હતી. જ્યારે ૧૬ વર્ષીય શેફાલીએ ૩૪ બોલમાં સાત ચોગ્ગા

● અનુસંધાન પાન-૭ પર

## દરેક વર્ગને ન્યાય તે સરકારની પ્રાથમિકતા : મોદી

**વડાપ્રધાને પ્રયાગરાજમાં ૨૭ હજાર દિવ્યાંગોને ઉપકરણ વહેંચ્યા : દરેક વ્યક્તિને લાભ મળે એ જ સબકા સાથ-વિકાસ-વિશ્વાસનો હેતુ, દિવ્યાંગો પર અત્યાચાર રોકવા કડક કાયદો બનાવ્યો, જે કામ ગઇ સરકારોમાં નહોતુ થયુ તે અમારી સરકારે કરીને બતાવ્યુ**

પ્રયાગરાજ,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ પહોંચ્યા હતા. પ્રયાગરાજમાં યોજાયેલા દિવ્યાંગ મહાકુંભમાં વડાપ્રધાન એક સાથે ૨૬,૭૯૧ દિવ્યાંગો અને વૃદ્ધોને તેમને મદદ કરતાં સાધનો વહેંચ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પરેડ મેદાનમાં દિવ્યાંગોને સાધનોનું વિતરણ કર્યું હતું. ત્યારપછી તેમણે સામાજીક અધિકારીતા શિબિરને સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, પહેલાની સરકારોના સમયમાં આ પ્રમાણેના કેમ્પ ઓછા થતા હતા અને આ પ્રમાણેના મેગા કેમ્પ તો ગણતરીના થતા હતા. છેલ્લા ૫ વર્ષમાં અમારી સરકારે દેશના અલગ અલગ વિસ્તારોમાં અંદાજે ૯,૦૦૦ કેમ્પ કર્યા છે.

પીએમએ કહ્યું કે, ગઈ સરકારના પાંચ વર્ષમાં દિવ્યાંગોને ૩૮૦ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના સાધનો વહેંચ્યા છે જ્યારે અમારી સરકારે ૯૦૦ કરોડથી વધુ કિંમતના સાધનો વહેંચ્યા છે. છેલ્લા ૪-૫ વર્ષોમાં દેશના હજારો બિલ્ડિંગો, ૭૦૦થી વધારે રેલવે સ્ટેશન, એરપોર્ટ પર દિવ્યાંગો માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જ્યાં બાકી છે તેને પણ સુગમ્ય ભારત અભિયાન સાથે જોડવામાં આવી રહી છે. સમાજના દરેક નાગરિકને લાભો

● અનુસંધાન પાન-૭ પર



## નિર્ભયાના અપરાધીઓના ફાંસીથી બચવા દાવપેચ

**ફાંસી ટાળવા પવન બાદ હવે અક્ષયની અરજી : ફાંસી ફરીવાર ટળે તેવી સંભાવના**

નવી દિલ્હી, તા.૨૯

નિર્ભય ગેંગરેપ અને હત્યા કેસન દોષિત ફાંસીથી બચવા માટે સતત કાનૂની દાવપેચ રમી રહ્યા છે. દોષિત અક્ષય ઠાકુરે આજે ફરીથી દયા અરજી દાખલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું છે કે પહેલાની અરજીમાં સુનાવણી દરમિયાન કેસ સાથે જોડાયેલા તમામ પાસાઓ પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું. આનાથી પહેલા શુક્રવારના દિવસે પવન કુમારે ક્યુરેટીવ અરજી દાખલ કરી હતી. જેના પર સુપ્રિમ કોર્ટની પાંચ જજની બેચ બીજી માર્ચના દિવસે સુનાવણી કરનાર છે. પવને પોતાની અરજીમાં દલીલ કરી છે

● અનુસંધાન પાન-૭ પર











